SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૩/૦૯/૨૦૨૩

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની લેડીઝ વીંગ દ્વારા ગરબા ગ્રુવ વિશે વર્કશોપ યોજાયો, ૫૦થી વધુ મહિલા સભ્યોએ ગરબા – દોડીયાના વિવિધ સ્ટેપ્સ શીખ્યા

## સુરતની જાણીતી ડાન્સ કોરિયોગ્રાફર શ્રદ્ધા શાહે 'ગોતિલો' ગીત પર નૃત્ય શીખવ્યું, દોડીયાના વિવિધ સ્ટેપ્સ સરળતાથી યાદ રાખવાની ટિપ્સ પણ બતાવી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના લેડીઝ વીંગ દ્વારા શુક્રવાર, તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અડાજણ સ્થિત શ્રદ્ધાઝ ટેપ્ઝ ડાન્સ સ્કૂલ ખાતે 'ચાલો ગરબા શીખીએ' ગરબા ગ્રુવ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લેડીઝ વીંગની ૫૦થી વધુ મહિલા સભ્યોએ ભાગ લઇ સુરતની જાણીતી ડાન્સ કોરિયોગ્રાફર શ્રદ્ધા શાહ પાસેથી ગરબા – દોડીયા તથા નૃત્યના વિવિધ સ્ટેપ્સ શીખ્યા હતા.

આ વર્કશોપમાં લેડીઝ વીંગની મહિલા સભ્યો ટ્રેડિશનલ ડ્રેસ કોડમાં આવી હતી અને કોરીયોગ્રાફર પાસેથી દોડીયા શીખ્યા હતા. ડાન્સ કોરિયોગ્રાફર શ્રદ્ધા શાહે ગરબા તથા દોડીયાના વિવિધ સ્ટેપ્સ સરળતાથી યાદ રાખવાની ટિપ્સ બતાવી હતી. તેમણે સુપ્રસિદ્ધ ગીત 'ગોતિલો' પર નૃત્ય શીખવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, નૃત્ય કરવાથી શારીરિક તંદુરસ્તીની સાથે સાથે માનસિક તંદુરસ્તી પણ જળવાઇ રહે છે.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન મનિષા બોડાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વાઇસ ચેરપર્સન ગીતા વઘાસિયાએ વર્કશોપમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સભ્ય પારૂલ રૂદલાલે ડાન્સ કોરિયોગ્રાફર શ્રદ્ધા શાહનો પરિચય આપ્યો હતો. જ્યારે સેક્રેટરી પ્લવનમી દવેએ સમગ્ર વર્કશોપનું સંચાલન કર્યું હતું.